# ભૂકંપનો અભ્યાસ કરતા વિજ્ઞાનને શું કહે છે?

1. **૧૯૨૦માં ક્યા ખગોળશાસ્ત્રીએ જાહેર કર્યું કે બ્રહ્માંડનો વિસ્તાર થઈ રહ્યો છે ?**
(૧) ઈમેન્યુઅલ કાન્ટે (૨) જૉર્જ લિમિત્રે
(૩) એડવિન હબલ (૪) હેરોલ્ડ જેફરી

2. **ભૂકંપનો અભ્યાસ કરતા વિજ્ઞાનને શું કહે છે?**
(૧) Seismology (૨) Geography
(૩) Earthquakology (૪) Geology

3. **વરાળ પાણી કરતા કેટલી વધુ જગ્યા રોકે છે?**
(૧) ૧૦ ગણી (૨) ૧૦૦ ગણી (૩) ૬૦૦ ગણી (૪) ૧૩૦૦ ગણી

4. **નીચે પૈકીના ક્યા જ્વાળામુખીને ભૂમધ્ય સમુદ્રની દીવાદાંડી કહેવાય છે?**
(૧) ઇટલીનો એટના જ્વાળામુખી
(૨) સિસિલીના લિપારી ટાપુનો સ્ટ્રોમ્બોલી
(૩) દક્ષિણ અમેરિકાનો કોટોપેક્સી
(૪) ઇન્ડોનેશિયાનો ક્રાકાટોઆ

5. **પેસિફિક કિનારાના પટ્ટાને કેટલાક વિદ્વાનો 'પેસિફિક રિંગ ઑફ ફાયર' તરીકે ઓળખે છે. કારણકે...**
(૧) આ પટ્ટાના આદિવાસીઓ સતત અગ્નિ પ્રજ્વલિત રાખે છે
(૨) આ પટ્ટા પર આવેલી ખાણોનો કોલસો સતત સળગતો રહે છે
(૩) અહીં એકંદરે સૌથી વધુ સક્રિય જ્વાળામુખી છે
(૪) આ પટ્ટો અંતરીક્ષમાંથી ચમકતો જોવા મળે છે

6. **પૃથ્વી સપાટીનું કુલ ક્ષેત્રફળ આશરે કેટલું છે?**
(૧) ૫૦.૬૮ કરોડ ચો.કિ.મી.
(૨) ૬૦.૭૨ કરોડ ચો.કિ.મી.
(૩) ૭૦.૩૮ કરોડ ચો.કિ.મી.
(૪) ૮૦.૮૧ કરોડ ચો.કિ.મી.

7. **પૃથ્વી સપાટીના કુલ ક્ષેત્રફળ પૈકીનો આશરે કેટલો વિસ્તાર સમુદ્રો અને મહાસાગરો રોકે છે?**
(૧) ૩૬.૬૦ કરોડ ચો.કિ.મી. (૨) ૪૦.૬૦ કરોડ ચો.કિ.મી.
(૩) ૨૨.૧૩ કરોડ ચો.કિ.મી. (૪) ૩૯.૨૮ કરોડ ચો.કિ.મી.

8. **........... પૃથ્વીના ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ એવા બે સરખા ભાગ પાડે છે.**
(૧) મકરવૃત્ત (૨) કર્કવૃત્ત (૩) વિષુવવૃત્ત (૪) અયનવૃત્ત

9. **પેસિફીક, અટલેન્ટીક, હિંદ અને આર્કટિક - આ ચાર મહાસાગરો પૃથ્વીની સમગ્ર જળરાશિનો કેટલો વિસ્તાર ધરાવે છે?**
(૧) ૮૩.૪ ટકા (૨) ૭૭.૨ ટકા (૩) ૯૨.૭ ટકા (૪) ૬૦.૧ ટકા

10. **નીચે પૈકીના ક્યા શબ્દનો અર્થ 'આદિખંડ' થાય છે?**
(૧) Tethys (૨) Pengaea (૩) Masupials (૪) લૉરેશિયા

11. **નદી, હિમ નદી, પવન જેવા ગતિશીલ બળોના કારણે ઉદભવસ્થાનેથી ખડકબોજ અને કાંપ વગેરે સ્થળાંતરણ થઈ બીજી જ જગ્યાએ પથરાઇને જે જમીનનું નિર્માણ થાય તેને કેવી જમીન કહેવાય?**
(૧) સ્વસ્થાનીય જમીન (૨) સ્થળાંતરિત જમીન
(૩) રૂપાંતરિત ખડકો (૪) સાદી જમીન

12. **પૃથ્વી સપાટીના....ટકા ભાગ પર પર્વતો આવેલા છે.**
(૧) ૨૨ (૨) ૨૪ (૩) ૨૬ (૪) ૨૮

13. **સમુદ્રસપાટીથી આશરે ............ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા, ઊંચા-નીચા ઢોળાવો અને સાંકડા શિખરક્ષેત્રો ધરાવતા ભૂમિસ્વરૂપને પર્વત કહે છે.**
(૧) ૮૫૦ (૨) ૮૦૦ (૩) ૯૫૦ (૪) ૯૦૦

14. **સમુદ્રસપાટીથી આશરે ૧૮૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અને મેજ જેવા સપાટ શિખરવાળા અને સીધા ઢોળાવવાળા ભૂમિસ્વરૂપને શું કહેવાય?**
(૧) ઉચ્ચપ્રદેશ (૨) ગેડ પર્વત
(૩) ઘુમ્મટાકાર પર્વત (૪) અવશિષ્ટ પર્વત

15. **નદી પર્વતીય ક્ષેત્રોમાંથી મેદાની વિસ્તારમાં પ્રવેશે ત્યારે તેની ખીણ નજીક કાંકરા, ખડકટુકડા, રેતીના નિક્ષેપણ દ્વારા તળેટીનું મેદાન બનાવે છે. તેવા મેદાનને શું કહેવામાં આવે છે.**
(૧) પંખાકાર મેદાન (૨) પૂરનું મેદાન
(૩) મુખ-ત્રિકોણનું મેદાન (૪) લૉએસનું મેદાન

16. **....... અને ......... વાયુ જીવસૃષ્ટિ જીવંત રાખે છે.**
(૧) ઑક્સિજન અને કાર્બન ડાયોક્સાઇડ
(૨) ઑક્સિજન અને નાઇટ્રોજન
(૩) ઑક્સિજન અને હાઇડ્રોજન
(૪) ઑક્સિજન અને હિલિયમ

17. **પૃથ્વી સપાટીથી આશરે .... કિ.મી.ની ઊંચાઈ સુધીના વાતાવરણમાં ૯૯ ટકા જેટલી હવા સમાયેલી છે.**
(૧) ૩૨ (૨) ૩૩ (૩) ૩૮ (૪) ૩૯

18. **વાતાવરણમાં $N_2$ અને $O_2$ વાયુનું સંયુક્ત પ્રમાણ કેટલું છે?**
(૧) ૯૦ ટકા (૨) ૯૨ ટકા (૩) ૯૬ ટકા (૪) ૯૯ ટકા

19. **પૃથ્વીસપાટીથી ૨૦ કિ.મી. સુધીની ઊંચાઈ સુધીના વાતાવરણમાં ............ વધુ પ્રમાણમાં હોય છે.**
(૧) ઑક્સિજન (૨) કાર્બન ડાયોક્સાઇડ
(૩) નાઇટ્રોજન (૪) હાઇડ્રોજન

20. **ઓઝોન વાયુનું પડ પૃથ્વીસપાટીથી આશરે ....... થી ..... કિ.મી.ની ઊંચાઇએ આવેલું છે.**
(૧) ૧૫થી ૨૮ (૨) ૩૨થી ૪૮ (૩) ૩૭થી ૫૫ (૪) ૪૦થી ૫૦

21. **પૃથ્વીસપાટીથી જેમ જેમ ઊંચે જઇએ તેમ તેમ તાપમાન ઘટે છે. એક કિ.મી.ની ઊંચાઇએ જતાં ..... સે. તાપમાન ઘટે છે.**
(૧) ૧.૨૦ (૨) ૩.૪૦ (૩) ૨.૫૦ (૪) ૬.૫૦

22. **ટૂંકા સમયગાળાની વાતાવરણની વાસ્તવિક સ્થિતિને શું કહેવામાં આવે છે?**
(૧) હવામાન (૨) આબોહવા
(૩) સમતાપ સીમા (૪) સૂર્યાઘાત

23. **નીચે પૈકીમાંથી ક્યો વિકલ્પ "ટરપર" શબ્દનો સમાનાર્થી છે?**
(૧) લોલુપતા (૨) હળવો વરસાદ (૩) ટાપુ (૪) જીભાજોડી

24. **"ગાંધી વિચાર મંજૂષા ૨૦૨૦" પુસ્તક નીચે પૈકીની કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયું છે?**
(૧) ગુજરાત વિદ્યાપીઠ (૨) ગુજરાત યુનિવર્સિટી
(૩) ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી
(૪) સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી

25. **તાનારીરી મહોત્સવ ગુજરાતમાં ક્યાં યોજાય છે?**
(૧) જૂનાગઢ (૨) સિદ્ધપુર (૩) વડનગર (૪) વડોદરા

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

26. **પ્રથમ જોડના તર્કનો આધાર લઇ બીજી જોડ પૂર્ણ કરો.**
**ROAD : URDG : : SWAN : ?**
(૧) VXDQ (૨) VZDQ (૩) VZDP (૪) UXDQ

27. **કાચો માલ ઊંચી મૂલ્યવાન ચીજ-વસ્તુઓમાં રૂપાંતરિત થાય તેવી ઉત્પાદન પ્રવૃત્તિને .......... કહે છે.**
(૧) વ્યક્તિગત ઉત્પાદન પ્રવૃત્તિ
(૨) ઔદ્યોગિક ઉત્પાદન પ્રવૃત્તિ
(૩) વન આધારિત ઉત્પાદન પ્રવૃત્તિ
(૪) અસામાન્ય ઉત્પાદન પ્રવૃત્તિ

28. **માનવીને આપી શકાય તેવી સેવાઓને કેવી પ્રવૃત્તિ કહેવાય છે?**
(૧) પ્રાથમિક પ્રવૃત્તિ (૨) દ્વિતીયક પ્રવૃત્તિ
(૩) તૃતીયક પ્રવૃત્તિ (૪) ચતુર્થક પ્રવૃત્તિ

29. **મણકાપાટી (Abacus)ની શોધ આશરે .......... વર્ષ પહેલા થઈ અને તેનો ઉપયોગ સાદી ગણતરી માટે થતો હતો.**
(૧) ૨૦૦૦ (૨) ૩૦૦૦ (૩) ૪૦૦૦ (૪) ૫૦૦૦

30. **પ્રાચીન સમયમાં ........ અને ........ થઈને પસાર થતા માર્ગને સિલ્ક રૂટ તરીકે ઓળખવામાં આવતો.**
(૧) ચીન અને પૂર્વ એશિયાની મધ્યમાં
(૨) ચીન અને ઉત્તર-દક્ષિણ એશિયાની મધ્યમાં
(૩) ઉઝબેકિસ્તાન અને ચીન
(૪) ચીન અને દક્ષિણ-પશ્ચિમ એશિયાની મધ્યમાં

31. **ખનીજોના વર્ગીકરણની દૃષ્ટિએ નીચે પૈકીની કઈ અધાતુમય અથવા અધાત્વિક ખનીજ છે?**
(૧) તાંબુ (૨) જસત (૩) નિકલ (૪) ગ્રેફાઇટ

32. **નીચે પૈકીના વિકલ્પો પૈકી GPRSનું સાચું નામ જણાવો.**
(૧) General Physical Radio Service
(૨) General Packet Radio Service
(૩) General Physical Regional Service
(૪) Geographic Physical Radio Service

33. **મોસમી આબોહવા ધરાવતા પ્રદેશોમાં ઑક્સિજન વાયુ સ્વતંત્ર રીતે કે પાણીના સંયોજનરૂપે લોહતત્વવાળા ખડકો પર કાટ બનાવે છે. આ પ્રક્રિયાને શું કહેવાય?**
(૧) ઑક્સિનાઇઝેશન (૨) ઑક્સિકાર્બોનેશન
(૩) ઑક્સિડેશન (૪) આ પૈકી કંઈ નહીં

34. **વરસાદનું પાણી વાતાવરણમાં રહેલા કાર્બન ડાયોક્સાઇડના સંયોજનથી મંદ કાર્બોનિક અસિડ બને છે. ખનીજો પર રાસાયણિક ક્રિયા કરી કાર્બોનેટ્સનું રૂપાંતર કરે છે. આ ક્રિયાને ............ કહેવાય છે.**
(૧) કાર્બોનાઇઝેશન (૨) કાર્બાઇડેશન
(૩) કાર્બોનેશન (૪) કાર્બોડેશન

35. **ઊચ્ચ અક્ષાંક્ષોમાં આવેલા પ્રદેશો અને ઊંચી પર્વતશ્રેણીઓમાં હિમવૃષ્ટિના પરિણામે જમા થયેલું હિમ ધીરે ધીરે ઢોળાવો તરફ સરકે છે. આવા હિમના સરકતા જથ્થાને ........... કહે છે.**
(૧) હિમ ઢુવા (૨) હિમ નદી (૩) હિમ ટુકડા (૪) હિમ ધોવાણ

36. **નીચે પૈકીનું ક્યું સરોવર લગૂન સરોવરનું દૃષ્ટાંત છે?**
(૧) પુલિકટ સરોવર (૨) સરદાર સરોવર
(૩) વૂલર સરોવર (૪) રેણુકા સરોવર

37. **ગિનીના સ્થાનિક લોકોને ગરમી અને ભેજવાળા પવનોથી રાહત આપનારા સુખદ અને સ્વાસ્થ્યપ્રદ હરમેટન પવન ........... તરીકે પણ ઓળખાય છે.**
(૧) મેજિક વીન્ડ (૨) ડૉક્ટર વીન્ડ(૩) ચિલ્ડ વીન્ડ (૪) હેપ્પી વીન્ડ

38. **ચક્રવાતને U.S.માં ... તરીકે ઓળખવામાં આવે છે.**
(૧) ટાઇફૂન (૨) ટૉર્નેડો (૩) હરિકેન (૪) વિલી-વિલીઝ

39. **ઢગ વાદળ (Cumulus Clouds) પૃથ્વીસપાટીથી કેટલી ઊંચાઈ સુધી જોવા મળે છે?**
(૧) ૫૦ થી ૧૦૦ કિ.મી. સુધી (૨) ૧૦-૧૨ કિ.મી. સુધી
(૩) ૧૫ થી ૨૦ કિ.મી. સુધી (૪) ૨૫ કિ.મી. સુધી

40. **એક અંદાજ પ્રમાણે વર્ષ દરમિયાન પૃથ્વીસપાટી પર પડતી વૃષ્ટિના .... ટકા જેટલી વૃષ્ટિ ભૂમિખંડો પર અને ...... ટકા જેટલી વૃષ્ટિ મહાસાગરો પર પડે છે.**
(૧) ૨૨, ૭૮ (૨) ૧૦, ૯૦ (૩) ૪૦, ૫૦ (૪) ૫૦-૫૦

41. **ભૂમિખંડોના કિનારા પાસેના સમુદ્રો અને મહાસાગરોના આશરે ૨૦૦ મીટર સુધીની ઊંડાઈના મેદાની ભાગને શું કહેવાય?**
(૧) ખંડીય ઢોળાવ (૨) સમુદ્રી દળદળ
(૩) ખંડીય છાજલી (૪) ગહન સમુદ્રી મેદાન

42. **પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં ફિલિપીન્સ દ્વીપ સમૂહ નજીક મારિયાના ટ્રેન્ચ નામની સમુદ્રી ખાઈની સૌથી વધુ ઊંડાઈ જણાવો.**
(૧) ૨,૦૦૦ મીટર કરતા વધુ (૨) ૫,૦૦૦ મીટર કરતા વધુ
(૩) ૮,૦૦૦ મીટર કરતા વધુ (૪) ૧૧,૦૦૦ મીટર કરતા વધુ

43. **સૂર્યના કિરણો સમુદ્રમાં આશરે કેટલા મીટરથી વધુ ઊંડાઇએ પ્રવેશી શકતા નથી?**
(૧) ૫૦ મીટર (૨) ૧૦૦ મીટર (૩) ૨૦૦ મીટર(૪) ૩૦૦ મીટર

44. **મહાસાગરોની સપાટીનું સરેરાશ તાપમાન આશરે કેટલું રહે છે?**
(૧) ૧૨૦ સે (૨) ૧૫૦ સે (૩) ૧૭૦ સે (૪) ૨૧૦ સે

45. **સમુદ્રતળના કેટલા ટકા વિસ્તારમાં ગહન સમુદ્રી મેદાન (Deep Sea Plains) આવેલા છે?**
(૧) ૬૫ ટકા (૨) ૬૮ ટકા (૩) ૭૦ ટકા (૪) ૭૬ ટકા

46. **ગલ્ફસ્ટ્રીમ નામનો ગરમ પ્રવાહ ક્યા મહાસાગરની સપાટીના તાપમાનમાં વધારો કરે છે?**
(૧) ઍટલૅન્ટિક (૨) પૅસિફિક (૨) હિંદ (૩) આર્કટિક

47. **શાહજહાંએ બંધાવેલો મોતીશાહી મહેલ ક્યાં આવેલો છે?**
(૧) અમદાવાદ (૨) દિલ્હી (૩) આગ્રા (૪) મેરઠ

48. **સાબરકાંઠા સ્થિત 'સાબર ડેરી'ના સ્થાપક કોણ હતાં?**
(૧) ગલબાભાઈ પટેલ (૨) માનસિંહભાઈ પટેલ
(૩) ભૂરાભાઈ પટેલ (૪) ત્રિભુવનદાસ પટેલ

49. **જૂનાગઢના ઉપરકોટના કિલ્લામાં કઈ વાવ જોવાલાયક છે?**
(૧) દાદા હરિની વાવ (૨) વણઝારી વાવ
(૩) રાણકી વાવ (૪) અડી કડીની વાવ

50. **સિક્કા થર્મલ પાવર સ્ટેશન ગુજરાતના ક્યા જિલ્લામાં છે?**
(૧) સુરત (૨) દેવભૂમિ દ્વારકા (૩) જામનગર (૪) અમરેલી

**જવાબો :**

**(૧) ૩ (૨) ૧ (૩) ૪ (૪) ૨ (૫) ૩ (૬) ૧ (૭) ૧ (૮) ૩ (૯) ૩ (૧૦) ૨ (૧૧) ૨ (૧૨) ૩ (૧૩) ૪ (૧૪) ૧ (૧૫) ૧ (૧૬) ૨ (૧૭) ૧ (૧૮) ૪ (૧૯) ૨ (૨૦) ૨ (૨૧) ૪ (૨૨) ૧ (૨૩) ૧ (૨૪) ૩ (૨૫) ૩ (૨૬) ૨ (૨૭) ૨ (૨૮) ૩ (૨૯) ૪ (૩૦) ૪ (૩૧) ૪ (૩૨) ૨ (૩૩) ૩ (૩૪) ૩ (૩૫) ૨ (૩૬) ૧ (૩૭) ૨ (૩૮) ૨ (૩૯) ૨ (૪૦) ૧ (૪૧) ૩ (૪૨) ૪ (૪૩) ૩ (૪૪) ૩ (૪૫) ૪ (૪૬) ૧ (૪૭) ૧ (૪૮) ૩ (૪૯) ૪ (૫૦) ૩**